EDII

The Economic Times (Guj.)

November 14, 2017
Page No.10

# ‘ફેમિલી સંચાલિત બિઝનેસમાં નવી પેઢી તૈયાર કરવી આવશ્યક’

ઇટી બ્યૂરો
અમદાવાદ

ભારતમાં ફેમિલી દ્વારા સંચાલિત વ્યવસાયો જીડીપીમાં ૬૬ ટકા પ્રદાન કરે છે, છતાં તેમનું અસ્તિત્વ ટકાવી રાખવાનું પ્રમાણ નિરાશાજનક છે અને કુટુંબ આધારિત આશરે ૮૦ ટકા વ્યવસાયો ત્રીજી પેઢીથી આગળ ટકતા નથી, જે માટે વારસદારો તૈયાર કરવાની યોજનાનો અભાવ જવાબદાર છે એમ આંત્રપ્રિન્યોરશિપ ડેવલપમેન્ટ ઇન્સ્ટિટ્યૂટ ઓફ ઇન્ડિયા (ઇડીઆઇઆઇ) દ્વારા યોજાયેલા એક વર્કશોપમાં જણાવવામાં આવ્યું હતું.

કુટુંબની માલિકી ધરાવતા વ્યવસાયોમાં આગામી પેઢીને સુકાન સોંપવા માટેની યોજનાનું મહત્ત્વ સમજાવવા ઇડીઆઇઆઇએ સ્વયંસિદ્ધા ફાઉન્ડેશન અને ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રી (જીસીસીઆઇ) સાથે મળીને ફેમિલી બિઝનેસ વર્કશોપનું આયોજન કર્યું હતું. નિષ્ણાતોએ જણાવ્યું હતું કે પ્રથમ પેઢીના ઘણા ઉદ્યોગસાહસિકોને મેનેજમેન્ટની બાગડોર છોડવામાં મુશ્કેલી પડે છે અને તેઓ આગામી પેઢીને પ્રેરિત કરવામાં તથા તૈયાર કરવામાં નિષ્ફળ નીવડે છે.

ઇડીઆઇઆઇના ડિરેક્ટર ડો. સુનિલ શુક્લાએ કહ્યું હતું કે, “ફેમિલી બિઝનેસના મહત્તમ માલિકો અને વારસદારો ગુજરાતમાંથી બહાર આવ્યા છે. સામાન્ય રીતે વારસદારો ફેમિલી બિઝનેસની કમાન સંભાળે છે ત્યારે તેમને વિવિધ સમસ્યાનો સામનો કરવો પડે છે ત્યારે તેમને મદદ કરવા માટે ફેમિલી બિઝનેસ ક્લિનિકની યોજના બનાવવામાં આવી છે.”